# <u>સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી</u>

## <u>જાહેર નિવિદા</u>

આથી ફુડકોર્ટ/રેસ્ટોરન્ટ/કેટરીંગ તથા હોલના ડેકોરેશનના કામકાજ નો બહોળો અનુભવ ધરાવતા પ્રતિષ્ઠિત ઠેકેદારો પાસેથી સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી દ્વારા નવનિર્મિત મ્યુઝિયમની મુલાકાતે આવતા મુલાકાતીઓ તથા મહેમાનો વિગેરેને આરોગ્યપ્રદ ખાવા-પીવાની ચીજ વસ્તુઓ વ્યાજબી દરે મળી રહે તેવા હેતુથી ફુડકોર્ટ ચલાવવાનો કોન્ટ્રાક્ટ આપવાનો છે.

સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી ખાતેના ઓડિટોરીયમ તેમજ મીની હોલમાં થતા સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિગેરે કાર્યક્રમો માટે ડેકોરેશનનો માલ- સામાન વ્યાજબી દરે પૂરો પાડવા માટે તથા આ પ્રોગ્રામોમાં થતા ભોજન સમારંભોમાં કેટરર્સને જરૂરીયાત મુજબના વાસણો વ્યાજબી દરે પૂરા પાડવાનો કોન્ટ્રાક્ટ આપવાનો છે.

ફુડકોર્ટમાં ચા – કોફી – નાસ્તો ઠંડા પીણા, ડેરી પ્રોડક્ટસ તેમજ સવાર – સાંજના ભોજન ખાસ કરીને ગુજરાતી થાળી વિગેરે સારી ગુણવત્તાવાળા , આરોગ્યપ્રદ તેમજ કીફાયતી ભાવે આપવાના રહેશે. ફુડકોર્ટ માટે જરૂરીયાત માટેની નિયત કરેલ જગ્યા ઠેકેદારને લીવ – લાયસન્સ આધારિત કરાર કરી નિયત સમયના ગાળા માટે લીઝ ઉપર આપવામાં આવશે. ફુડકોર્ટની વપરાશ અંગેનું ઇલેકટ્રીસીટી બિલ ઠેકેદારે ભોગવવાનું રહેશે અને તે અંગેનું જરૂરી લાયસન્સ હેલ્થ ખાતામાંથી ઠેકેદારે મેળવવાનું રહેશે.

ઓડિટોરીયમ બુક કરાવનાર પાર્ટી કેટરીંગ માટે પોતાની મરજી મુજબના કેટરર લાવી શકશે પરંતુ તે માટે જરૂર મુજબના ડેકોરેશન નો માલ –સામાન તેમજ વાસણો સંસ્થા દ્વારા નિમેલ કોન્ટ્રાક્ટરે વ્યાજબી દરે પુરા પાડવાના રહેશે જે ફરજીયાત છે.

આમ ફુડકોર્ટ / રેસ્ટોરન્ટ / કેટરીંગ તેમજ ડેકોરેશનની કામગીરીનો ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ / એજન્સીઓ પાસેથી ઉપરોક્ત બંને કામો માટે એટલે કે સંસ્થાનો ફુડકોર્ટ ચાલવવા તેમજ ઓડિટોરીયમના ડેકોરેશનનો માલસામાન સંસ્થા સાથે પરામર્શ કરી આઈટમ વાઈઝ ચાર્જ નક્કી કરી તે પૂરો પાડવા પેટે સંસ્થાને આપવાની થતી રકમ અંગે સ્પર્ધાત્મક ઓફર મંગાવવામાં આવે છે.

રસ ધરાવતા આ કામોના અનુભવી અને પ્રતિષ્ઠત એજન્સી / વ્યક્તિઓએ તેમની ઉપર મુજબની ઓફર વેબસાઈટ ઉપરની મુકેલ જાહેરાત આપ્યા પછીના દિન દસમાં સીલ કવરમાં કવર ઉપર **'ફુડકોર્ટ અને ડેકોરેશન માટે ની ઓફર'** લખીને પોસ્ટ અથવા કુરીયર મારફતે નિચેના સરનામે મોકલી આપવામાં જણાવવામાં આવે છે. ફુડકોર્ટ તેમજ ડેકોરેશન માટેની ઓફર અલગ – અલગ રીતે મોકલવાની રહેશે.

અધુરી વિગત વાળા અને નિયત મુદત બાદ મળેલ ઓફરો સ્વીકારવામાં આવશે નહિ.

કોઈ એક અથવા તો તમામ ઓફરો રદ કરવાનો અબાધિત અધિકાર સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટીનો રહેશે જેમાં કોઈ વાદ, વિવાદ કે ફરિયાદને અવકાશ રહેશે નહિ.

**<u>સરનામુ</u>**
ગાંધી – સરદાર સ્મૃતિ ચોક
સરકીટ હાઉસની સામે, શાહીબાગ, અમદાવાદ – 380004.

સેક્રેટરી
સરદાર વલ્લભભાઇ પટેલ મેમોરિયલ સોસાયટી